**ભાસ્કર વિશેષ** | શિક્ષણ ક્ષેત્રમાં એન્ટી સાયબર બુલીઈંગ અને હેરેસમેન્ટ સમિતિ લાવવા પ્રયાસ

# આત્મહત્યા રોકવા માટે બે સંસ્થાની ભાગીદારી

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

એક પથદર્શક પહેલમાં, કોર્પોરેટ અને કાનૂની સલાહકાર ક્ષેત્રમાં અગ્રણી, એયુ કોર્પોરેટ એડવાઈઝરી એન્ડ લીગલ સર્વિસીસે ભારતમાં સાયબર ગુનાખોરીના જોખમનો અનુભવ કરી રહેલા દરેક યુવાનોના અમૂલ્ય જીવનને બચાવવા માટે, સાયબર હરેસમેન્ટ અને સાયબર બુલીઈંગ વિરુદ્ધ યુવાનોના અવાજને વાચા આપનાર ડબ્લ્યુએચટી નાઉ સાથે ભાગીદારીની જાહેરાત કરી હતી.




શિક્ષણવિદ અને સંસ્થાનાં સહ-સંસ્થાપક ડૉ. નિવેદિતા શ્રેયાંસે જણાવ્યું કે યુવાનોને ડર વિના મદદ મેળવવા અને નિર્ણય લેવાનું આ એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. અમને રોજ સાયબર બુલીઈંગના 300 જેટલા કોલ્સ આવે છે. 17 જણને તો અમે સમયસર પગલાં લઈને આત્મહત્યા કરતાં રોક્યા છે. નવરાત્રિમાં અમે બોરીવલીમાં ફાલ્ગુની પાઠક ગાય છે તે પંડાલમાં ગયાં હતાં.

અમે સાયબર ગુનાનો ભોગ બનતા યુવાનોને બ્લેકમેઈલ થતાં કઈ રીતે અટકાવીએ અને આત્મહત્યા કઈ રીતે રોકીએ છીએ તે વિશે જાણકારી આપી હતી. તે સમયે ત્યાં જ અમને કેટલાક યુવાનોને મદદ માટે કોલ્સ આવ્યા હતા. અમે આ કામમાં પોલીસની મદદ લઈએ છીએ. મહારાષ્ટ્ર સરકાર પણ અમને સાથ આપી રહી છે. આવા ગુના રોકવા શાળા- કોલેજોમાં એન્ટી રેગિંગ સમિતિ છે તે જ રીતે એન્ટી સાયબર બુલીઈંગ હેરેસમેન્ટ સમિતિ લવાય તે માટે પ્રયત્નશીલ છીએ.

એયુસીએલના સંસ્થાપક અક્ષત ખેતાને જણાવ્યું કે સાયબર ગુનાને રોકવા માટે કાયદો લાવવા અમે શ્વેતપત્ર બનાવી રહ્યા છીએ, જે સરકારને આપીને તે અંગે કડક કાયદા બને એવી અપેક્ષા રાખીશું.

## આ રીતે બ્લેકમેઈલ કરાય છે

સંસ્થાપક અને પરોપકારી નીતિ ગોયલે એક દાખલો આપતાં જણાવ્યું કે છ મિત્રો હતા. તેમાંથી એક ધનાઢ્ય મિત્રને બ્લેકમેઈલ કરવાનું અન્ય પાંચ મિત્રને સૂઝ્યું. તેમણે એક પાર્ટી વખતે તસવીરો ખેંચી લીધી હતી. આ પછી તસવીરમાં ચેડાં કરીને પીડિતને તારા ઘરે અને સોશિયલ મિડિયા પર વાઈરલ કરીશું એમ કહીને બ્લેકમેઈલ શરૂ કર્યું હતું. ડરના માર્યા પીડિત મિત્રે રૂ. 17 લાખ આપી પણ દીધા હતા. તે છતાં વધુ પૈસા માટે બ્લેકમેઈલ કરતા હતા. તેના ઘરની સામે આવીને માતા-પિતાને ફોટો બતાવીશું એવી ધમકી આપતા હતા. આખરે પીડિત અમારી પાસે આવ્યો. તેને પોલીસ પાસે આ કેસ લઈ જઈએ એવી સલાહ આપી, પરંતુ તે ગભરાતો હતો. તેને સમજાવતાં આખરે પોલીસને જાણ કરી. પોલીસે તેના ઘરની પાસેથી પાંચેય મિત્રોને પકડ્યા. તેમના બધાના મોબાઈલમાંથી વાંધાજનક ફોટોઝ ડિલીટ કરાવ્યા અને ચેતવણી આપી. આ પછી પણ ફરીથી સતામણી થતી નથી ને તેની ખાતરી રાખવા માટે અમે પીડિત પાસે ફોલો-અપ કર્યું હતું. આવા અનેક કેસ અમારી પાસે આવે છે. આ ગુના રોકવા બધાએ એકત્ર મળીને કામ કરવાની જરૂર છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે પીડિતો હેલ્પલાઈન નંબર 9019115115 પર કોલ કરી શકે એમ પણ જણાવ્યું હતું.

અમને મુશ્કેલીમાં મુકાયેલા યુવાનોના કોલ્સ આવે છે તેમાંથી લગભગ 80 ટકાને સફળતાથી સલાહ આપીને તેમની મૂંઝવણ દૂર કરી છે.